WPL ઓક્શન : મોલિન્યૂ સૌથી વધુ રૂ. 1.1 કરોડમાં વેચાઇ

યુપી વોરિયર્ઝે સોફી મોલિન્યૂ માટે આરસીબી સાથે લાંબી ખેંચતાણ પછી સર્વાધિક રૂ. 1.1 કરોડની બોલી લગાવી

સ્કોટલેન્ડની ઓલરાઉન્ડર કેથરિન બ્રાઇસ WPL ઓક્શનમાં વેચાનારી એસોસિએટ દેશની પ્રથમ ખેલાડી બની

રૂ. 75 લાખ સાથે કિરણ નવગીરે ઓક્શનમાં સૌથી મોંઘી ભારતીય ખેલાડી, જેસ જોનાસેન, જી કમલિનીને રૂ. 40 લાખ મળ્યા

કોચી, તા. 28 (પીટીઆઇ) : મહિલા પ્રીમિયર લીગ (ડબલ્યુપીએલ)ના આજે અહીં યોજાયેલા ઓક્શનમાં યુપી વોરિયર્ઝે ઓસ્ટ્રેલિયાની કેપ્ટન સોફી મોલિન્યૂને આરસીબી સાથેની લાંબી બોલીની ખેંચતાણ પછી 1.1 કરોડ રૂપિયાની મોટી રકમ ચૂકવીને પોતાની ટીમમાં સામેલ કરી છે. દિલ્હી કેપિટલ્સે આક્રમક બેટ્સમેન કિરણ નવગીરેને 75 લાખ રૂપિયામાં પોતાની સાથે જોડી છે. કિરણ માટે મુંબઈ ઈન્ડિયન્સે પણ બોલી લગાવી હતી.

આ સિવાય યુપી વોરિયર્ઝે ભારતીય ઓલરાઉન્ડર સ્નેહ રાણાને 30 લાખ રૂપિયામાં અને અનુભવી ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર ગ્રેસ હેરિસને પણ 30 લાખ રૂપિયામાં ખરીદીને પોતાની ટીમને વધુ મજબૂત બનાવી છે. દિલ્હી કેપિટલ્સે વિકેટકીપર-બેટ્સમેન સુષમા વર્માને 30 લાખ રૂપિયામાં, સ્કોટલેન્ડની લેફ્ટ આર્મ સ્પિનર કિર્સ્ટી ગોર્ડનને 10 લાખ રૂપિયામાં અને 15 વર્ષીય ઓલરાઉન્ડર ઉમા કાશવીને 10 લાખ રૂપિયામાં ખરીદી છે.

રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂએ ઓસ્ટ્રેલિયાની ઓલરાઉન્ડર જેસ જોનાસેનને 40 લાખ રૂપિયામાં પોતાની ટીમમાં સામેલ કરી છે. જોનાસેન હાલ ઈજાના કારણે ડબલ્યુબીબીએલમાંથી બહાર છે, પરંતુ ડબલ્યુપીએલ શરૂ થાય ત્યાં સુધીમાં તે ફિટ થઈ જવાની શક્યતા છે. ગુજરાત જાયન્ટ્સે ભારતની યુવા બેટ્સમેન જી કમલિનીને 40 લાખ રૂપિયામાં અને આયર્લેન્ડની ઓલરાઉન્ડર ઓર્લા પ્રેન્ડરગાસ્ટને 30 લાખ રૂપિયામાં પોતાની સાથે જોડી છે.

યુપી વોરિયર્ઝે સ્કોટલેન્ડની ઓલરાઉન્ડર કેથરિન બ્રાઈસને 10 લાખ રૂપિયામાં ખરીદી હતી. આ સાથે જ તે ડબલ્યુપીએલ ઓક્શનમાં વેચાનારી એસોસિએટ કન્ટ્રીની પ્રથમ ખેલાડી બની ગઈ છે. મુંબઈ ઈન્ડિયન્સે દિશા કાસાટ, સનિકા ચાલકે, ભારતી રાવલ અને લતિકા ઈનામદાર જેવા બિનઅનુભવી ખેલાડીઓને 10-10 લાખ રૂપિયાની બેઝ પ્રાઈસ પર પોતાની ટીમમાં સામેલ કર્યા છે.

બીજી તરફ ભારતની ઝડપી બોલર ટાઈટાસ સાધુ, સાઈકા ઈશાક, તાનિયા ભાટિયા, ઉમા છેત્રી અને ઈંગ્લેન્ડની ટોપ ઓર્ડર બેટ્સમેન સોફિયા ડંકલી આ ઓક્શનમાં અનસોલ્ડ રહી હતી.

15 વર્ષની ઉમા કાશ્વી WPLમાં સાઇન થયેલી સૌથી નાની વયની ખેલાડી

કર્ણાટકની ઓલરાઉન્ડર કાશ્વી કાંડીકુપ્પા, જેને ઉમા કાશ્વી તરીકે પણ ઓળખવામાં આવે છે, તે બુધવારે (28 ઓક્ટોબર) મહિલા પ્રીમિયર લીગમાં કરારબદ્ધ થનારી સૌથી નાની અને પ્રથમ 15 વર્ષની ક્રિકેટર બની. યુવાનોમાં રોકાણ કરવા માટે જાણીતી દિલ્હી કેપિટલ્સે આ તરૂણી પર રૂ. 10 લાખ ખર્ચ કર્યા હતા. કાંડીકુપ્પાએ હરિયાણાની દિયા યાદવનો રેકોર્ડ તોડ્યો, જે ગયા વર્ષે ૧૬ વર્ષની ઉંમરે દિલ્હી કેપિટલ્સમાં જોડાઇ હતી.

ન્યૂઝીલેન્ડ સામેની વન-ડે સીરિઝમાંથી પ્રસિદ્ધ બહાર, નબીને તક મળી શકે

હેમસ્ટ્રિંગની ઇજામાંથી સંપૂર્ણ સાજા ન થવાને કારણે પ્રસિદ્ધ કૃષ્ણા ટીમમાંથી બહાર થયો

આગામી ટેસ્ટ સીરિઝ માટે CoE ખાતે 1 અને 2 નવેમ્બરે પ્રસિદ્ધનો ફિટનેસ ટેસ્ટ લેવાશે

નવી દિલ્હી, તા. 28 (પીટીઆઇ) : ન્યૂઝીલેન્ડ સામે આગામી ચોથી નવેમ્બરથી શરૂ થઈ રહેલી પાંચ મેચની વન-ડે સીરિઝમાંથી ભારતીય ઝડપી બોલર પ્રસિદ્ધ કૃષ્ણા બહાર થઈ ગયો છે. હેમસ્ટ્રિંગની ઇજામાંથી તે હજી સંપૂર્ણ રીતે મુક્ત થઈ શક્યો નથી. તેની જગ્યાએ હાલ ન્યૂઝીલેન્ડમાં જ હાજર જમ્મુ-કાશ્મીરના ઝડપી બોલર આકિબ નબીનો ટીમમાં સમાવેશ કરવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે.

વેસ્ટ ઇન્ડીઝ સામે ગુવાહાટી ખાતે રમાયેલી બીજી વન-ડે મેચ દરમિયાન પ્રસિદ્ધને ઇજા પહોંચી હતી. બેંગલુરુ સ્થિત સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે એક અને બે નવેમ્બરે તેની ફિટનેસ ટેસ્ટ હાથ ધરાશે. બીસીસીઆઇના સૂત્રોના જણાવ્યા અનુસાર, વન-ડે કરતાં ટેસ્ટ સીરિઝ માટે પ્રસિદ્ધનું ફિટ હોવું વધુ જરૂરી છે, તેથી તેને ઉતાવળે વન-ડે ટીમમાં સામેલ કરવામાં આવશે નહીં.

બીજી તરફ, ભારત એ અને ન્યૂઝીલેન્ડ એ વચ્ચેની પ્રથમ રેડ-બોલ મેચમાં આકિબ નબીએ 3 વિકેટ ઝડપીને શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. આ પ્રદર્શનથી પસંદગીકારો પ્રભાવિત થયા છે. વન-ડે શ્રેણી માટે ભારતીય બોલિંગ આક્રમણ પ્રમાણમાં ઓછો અનુભવ ધરાવતું હશે, જેમાં મહંમદ સિરાજ સિવાયના મુખ્ય બોલરો પાસે બહુ ઓછી મેચોનો અનુભવ છે. જસપ્રીત બુમરાહને ટેસ્ટ મેચો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે વન-ડે સીરિઝમાંથી આરામ આપવામાં આવ્યો છે.

વૈષ્ણવીના પંજાથી ભારતે ઝિમ્બાબ્વેને હરાવી વન ડે સીરિઝમાં પણ ક્લીનસ્વીપ કર્યું

વૈષ્ણવીની પાંચ વિકેટથી ઝિમ્બાબ્વેનો માત્ર 131 રનમાં જ વિંટો વળી ગયો

પ્રતિકા, શેફાલીની અડધી સદીની મદદથી ભારતે માત્ર 17 ઓવરમાં જ આઠ વિકેટે મેચ જીતી

વડોદરા, તા. 28 : આજે બુધવારે અહીં રમાયેલી ત્રીજી વન ડેમાં ડાબોડી સ્પિનર વૈષ્ણવી શર્માની પાંચ વિકેટ અને પ્રતિકા રાવલ અને શેફાલી વર્માની નોટઆઉટ અર્ધસદીઓની મદદથી ભારતીય મહિલા ટીમે ઝિમ્બાબ્વેને 8 વિકેટે હરાવીને વન ડે સીરિઝમાં પણ 3-0થી ક્લીનસ્વીપ કર્યું હતું. આ પહેલા ભારતે ટી-20 સીરિઝમાં પણ 3-0થી ક્લીનસ્વીપ કર્યું હતું.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઝિમ્બાબ્વેની ટીમ 131 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. વૈષ્ણવી શર્માએ 39 રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી. વિજય માટે 132 રનના લક્ષ્યાંકને ભારતીય ટીમે 17 ઓવરમાં જ 2 વિકેટના ભોગે પ્રાપ્ત કરી લીધો હતો. ભારત માટે પ્રતિકા રાવલે 56 બોલમાં નોટઆઉટ 59 જ્યારે ચોથા ક્રમે બેટિંગ કરવા આવેલી શેફાલી વર્માએ માત્ર 26 બોલમાં નોટઆઉટ 51 રનની આક્રમક ઈનિંગ રમી હતી.

ટી-20 રેન્કિંગ્સમાં અભિષેક ફરી નંબર વન, ઈશાન ત્રીજા સ્થાને સરક્યો

ટેસ્ટ ઓલરાઉન્ડર્સમાં ચાર વર્ષ પછી જાડેજાએ નંબર વનનું સ્થાન ગુમાવ્યું, માર્કો યાન્સન ટેસ્ટમાં નંબર વન બોલર અને ઓલરાઉન્ડર બન્યો

દુબઇ, તા. 28 (પીટીઆઇ) : આઇસીસી દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના પુરુષ ટી-20 ઈન્ટરનેશનલ બેટિંગ રેન્કિંગ્સમાં ભારતીય ઓપનર અભિષેક શર્માએ ફરી નંબર વન બેટ્સમેન બની ગયો છે. ટોચના સ્થાને રહેલો ઈશાન કિશન બે ક્રમ નીચે ઉતરીને ત્રીજા સ્થાને સરકી ગયો છે. જ્યારે પાકિસ્તાનનો ટી-20 કેપ્ટન સાહિબઝાદા ફરહાન બીજા સ્થાને પહોંચી ગયો છે.

તાજેતરના રેન્કિંગ મુજબ અભિષેક 897 રેટિંગ પોઈન્ટ્સ સાથે પ્રથમ, ફરહાન 883 પોઈન્ટ્સ સાથે બીજા અને ઈશાન 866 પોઈન્ટ્સ સાથે ત્રીજા સ્થાને છે. આ સિવાય ભારતનો ટી-20 કેપ્ટન શ્રેયસ અય્યર પાંચ સ્થાન નીચે ઉતરીને 758 રેટિંગ પોઈન્ટ્સ સાથે 9મા સ્થાને પહોંચી ગયો છે.

બીજી તરફ ટેસ્ટ ક્રિકેટમાં સાઉથ આફ્રિકાના માર્કો યાન્સને મોટો અપસેટ કરીને ભારતના રવિન્દ્ર જાડેજાને પાછળ છોડીને ટેસ્ટમાં વિશ્વના નંબર 1 ઓલરાઉન્ડરનું સ્થાન હાંસલ કર્યું છે. જાડેજા છેલ્લા 4 વર્ષથી વધુ સમયથી આ સ્થાને હતો. આ ઉપરાંત યાન્સન ઓસ્ટ્રેલિયાના મિચેલ સ્ટાર્કને પાછળ છોડીને ટેસ્ટમાં વિશ્વનો નંબર વન બોલર પણ બની ગયો છે. ભારતીય ઝડપી બોલર જસપ્રીત બુમરાહ એક સ્થાન નીચે ઉતરીને 853 રેટિંગ પોઈન્ટ્સ સાથે 5મા સ્થાને પહોંચી ગયો છે.

ટી-20 ટોપ ટેન બેટ્સમેન

ક્રમ	ખેલાડી	દેશ	રેટિંગ
1	અભિષેક શર્મા	ભારત	897
2	સાહિબઝાદા ફરહાન	પાકિસ્તાન	883
3	ઇશાન કિશન	ભારત	866
4	હેરી બ્રુક	ઇંગ્લેન્ડ	793
5	જોશ બટલર	ઇંગ્લેન્ડ	789
6	ડેવાલ્ડ બ્રેવિસ	દ. આફ્રિકા	789
7	ફિલ સોલ્ટ	ઇંગ્લેન્ડ	775
8	શે હોપ	વેસ્ટઇન્ડિઝ	759
9	શ્રેયસ અય્યર	ભારત	758
10	તિલક વર્મા	ભારત	724

ટેસ્ટ રેન્કિંગ ટોપ ટેન બોલર્સ

ક્રમ	ખેલાડી	દેશ	રેટિંગ
1	માર્કો યાન્સેન	દક્ષિણ આફ્રિકા	876
2	મિચેલ સ્ટાર્ક	ઓસ્ટ્રેલિયા	861
3	મેટ હેનરી	ન્યૂઝીલેન્ડ	861
4	ઓલી રોબિન્સન	ઇંગ્લેન્ડ	856
5	જસપ્રીત બુમરાહ	ભારત	853
6	સ્કોટ બોલેન્ડ	ઓસ્ટ્રેલિયા	829
7	પેટ કમિન્સ	ઓસ્ટ્રેલિયા	817
8	કગિસો રબાડા	દક્ષિણ આફ્રિકા	808
9	જોશ હેઝલવુડ	ઓસ્ટ્રેલિયા	805
10	નોમાન અલી	પાકિસ્તાન	777

વર્લ્ડ રેસલિંગ : ભારતની નીલમ, કાજલે સિલ્વરથી સંતોષ માનવો પડ્યો

અસ્તાના, તા. 28 (પીટીઆઇ) : વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ભારતની નીલમ સિરોહી અને કાજલ ધોચક પોતપોતાની ફાઇનલ મેચ હારી જતાં ભારતે પ્રથમ મહિલા વર્લ્ડ ચેમ્પિયન માટે હજુ રાહ જોવી પડશે. જોકે, બંને મહિલા પહેલવાનોએ સિલ્વર મેડલ જીતીને દેશ માટે નવો ઈતિહાસ રચ્યો છે. ઈતિહાસમાં પ્રથમ વખત ભારતની બે મહિલા કુશ્તીબાજો એક જ સ્પર્ધામાં ગોલ્ડ મેડલની બાઉટમાં પહોંચી હતી. 2010માં સુશીલ કુમાર વર્લ્ડ ટાઇટલ જીતનારા ભારતના એકમાત્ર રેસલર છે. મહિલાઓની 50 કિગ્રા ફાઇનલમાં નીલમનો સામનો જાપાનની પાંચ વખતની વર્લ્ડ ચેમ્પિયન યુઇ સુસાકી સામે થયો હતો, જેમાં સુસાકીએ નીલમને પિન કરીને ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. બીજી તરફ 76 કિગ્રા ફાઇનલમાં કાજલ ધોચકે યુક્રેનની અનાસ્તાસિયા અલ્પીયેવા સામે સખત લડત આપી હતી. મેચના અંતિમ તબક્કામાં કાજલે વાપસીનો પ્રયાસ કર્યો હતો પરંતુ અલ્પીયેવાએ 8-6થી વિજય મેળવ્યો હતો.

રણજી ટ્રોફી રાઉન્ડ અપ

મહારાષ્ટ્ર સામે આર્ય દેસાઇની નોટઆઉટ સદીથી ગુજરાત મેચ ચોથા દિવસે લઇ ગયું

પુણે : રણજી ટ્રોફી ગ્રુપ સીની અહીં રમાતી એક મેચના આજે બુધવારે ત્રીજા દિવસે ગુજરાતે મહારાષ્ટ્ર સામેની બીજી ઇનિંગમાં ત્રણ વિકેટે 227 રન બનાવીને મેચ ચોથા દિવસે ખેંચી ગયું હતું. રમતના અંતે ઓપનર આર્ય દેસાઇ 132 રન બનાવીને ક્રિઝ પર હતો અને તેની આ ઇનિંગથી ગુજરાતે મહારાષ્ટ્રની 107 રનની સરસાઇને કાપીને પોતાની સરસાઇ 120 રન પર પહોંચાડી દીધી હતી. ગુજરાતે મહારાષ્ટ્રને પછાડવા અંતિમ દિવસ અદ્દભૂત પ્રદર્શન કરવું પડશે.

પાર્થ ભુતની છ વિકેટથી સૌરાષ્ટ્ર આસામ સામે મોટી જીત તરફ

રાજકોટ : રણજી ટ્રોફી ગ્રુપ બી મેચના આજે બુધવારે ત્રીજા દિવસે ડાબોડી સ્પિનર પાર્થ ભુતે આસામ સામે સાત રન આપીને છ વિકેટ ઝડપીને સૌરાષ્ટ્રને વિજયી સ્થિતિમાં પહોંચાડ્યું હતું. આસામના 281 રનના જવાબમાં સૌરાષ્ટ્રએ પોતાની પહેલી ઇનિંગમાં 387 રન બનાવીને 106 રનની સરસાઇ મેળવી હતી. તે પછી ભુતેની કાતિલ બોલિંગથી ત્રીજા દિવસે રમતના અંતે આસામ 65 રનમાં સાત વિકેટ ગુમાવી દીધી હતી અને તેઓ હજુ 41 રન પાછળ છે.

વડોદરા જમ્મુ-કાશ્મીર સામે એક દાવથી મેચ જીતવાની નજીક

વડોદરા : ડિફેન્ડિંગ ચેમ્પિયન જમ્મુ અને કાશ્મીર રણજી ટ્રોફી એલિટ ગ્રુપ A મેચમાં બરોડા સામે ઇનિંગ હારની નજીક પહોંચી ગયું છે. પ્રિયાંશુ મોલિયાની ત્રેવડી સદીની મદદથી બરોડાએ પ્રથમ ઇનિંગ્સમાં 616 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. જવાબમાં, જમ્મુ અને કાશ્મીરની ટીમ 303 રનમાં ઓલઆઉટ થતા તે ફોલોઓન થયું હતું. જમ્મુ અને કાશ્મીરનો સ્કોર બીજા દાવમાં 1 વિકેટે 8 રન છે અને ઇનિંગ્સ હાર ટાળવા માટે તેને 303 રનની જરૂર છે.

ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચેની ચોથી ટી-20માં 40,000 પ્રેક્ષકો આવવાની અપેક્ષા

ઇડન પાર્કમાં ચોથી ટી-20 બંને દેશ વચ્ચેની દ્વિપક્ષિય સીરિઝમાં પ્રેક્ષકોની હાજરીનો નવો રેકોર્ડ બનાવશે

2019માં અહીં રમાયેલી પુરુષ અને મહિલા ટીમો વચ્ચેની દ્વિપક્ષિય મેચમાં 36,523 પ્રેક્ષકોએ હાજરી આપી હતી

ઓકલેન્ડ, 28 ઓક્ટોબર (પીટીઆઈ) શુક્રવારે અહીં ઇડન પાર્ક ખાતે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાનારી ચોથી ટી20 આંતરરાષ્ટ્રીય મેચ જોવા માટે લગભગ 40,000 પ્રેક્ષકો આવે તેવી અપેક્ષા છે, જે ઓકલેન્ડ મેદાનના ઈતિહાસમાં ત્રીજી સૌથી મોટી હાજરી હશે. ભારતે પાંચ મેચની સીરિઝની પહેલી ત્રણ મેચ જીતીને અજેય લીડ મેળવી છે, આ ત્રણેય મેચમાં સ્ટેડિયમમાં મોટી સંખ્યામાં પ્રેક્ષકો ઉમટી પડ્યા હતા.

ન્યુઝીલેન્ડ ક્રિકેટ (NZC) એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે શુક્રવારે ઓકલેન્ડમાં ન્યુઝીલેન્ડ અને ભારત વચ્ચે રમાનારી ચોથી ટી-20 ઇન્ટરનેશનલ મેચની બધી ટિકિટો વેચાઈ ગઈ છે અને મેચ જોવા માટે ઇડન પાર્કમાં 40,000થી વધુ પ્રેક્ષકો આવવાની અપેક્ષા છે. અગાઉ, હેગલી ઓવલ ખાતે રમાનારી પ્રથમ બે મેચની બધી ટિકિટો વેચાઈ ગઈ હતી. રવિવારે સેડન પાર્ક ખાતે રમાનારી શ્રેણીની પાંચમી અને અંતિમ મેચની ટિકિટો પણ વેચાઈ ગઈ છે.

ઓકલેન્ડમાં યોજાનારી આ મેચ ન્યુઝીલેન્ડ ક્રિકેટ દ્વિપક્ષીય સીરિઝ માટે હાજરીનો નવો રેકોર્ડ બનાવશે. અગાઉ, 2019માં ઇડન પાર્કમાં ભારત અને ન્યુઝીલેન્ડની પુરુષ અને મહિલા ટીમો વચ્ચે એક જ દિવસે રમાયેલી મેચ જોવા માટે 36,523 પ્રેક્ષકો હાજર રહ્યા હતા. અગાઉ ફક્ત બે વાર જ ઇડન પાર્કમાં ઇન્ટરનેશનલ ક્રિકેટ મેચ જોવા માટે વધુ પ્રેક્ષકો આવ્યા હતા. જેમાં 2015માં ન્યુઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની વનડે વર્લ્ડ કપ સેમી ફાઇનલમાં 41,000, જ્યારે 1982માં ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની વનડે મેચમાં 42,000 પ્રેક્ષકોએ હાજરી આપી હતી.

ઈંગ્લિશ લીગ કપ : આર્સનલ હારતા મોટો અપસેટ

પ્રીમિયર લીગ ચેમ્પિયન આર્સનલને 4-4થી બરાબરી બાદ ચોથા ડિવિઝનની ફ્લીટવૂડ સામે શૂટઆઉટમાં 5-3થી હાર મળી

લંડન, તા. 28 : ઈંગ્લિશ લીગ કપના 66 વર્ષના ઈતિહાસમાં સૌથી મોટો અપસેટ સર્જાયો છે. પ્રીમિયર લીગ ચેમ્પિયન આર્સનલની ટીમ ચોથા ડિવિઝનની ફ્લીટવૂડ ટાઉન સામે પેનલ્ટી શૂટઆઉટમાં પરાજય પામીને ટુર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગઈ છે. 5,300ની ક્ષમતા ધરાવતા હાઈબરી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં નિર્ધારિત સમય સુધી સ્કોર 1-1થી સરભર રહ્યો હતો. ત્યારબાદ શૂટઆઉટમાં ફ્લીટવૂડે 5-3થી જીત મેળવી હતી.

આર્સનલ માટે બ્રુનો ગિમારાયસ માત્ર એક જ પેનલ્ટી ચૂકી ગયો હતો, જેનો શૉટ ફ્લીટવૂડના ગોલકીપર જે લિંચે રોકી લીધો હતો. આર્સનલના 16 વર્ષના યુવા ખેલાડી મેક્સ ડૌમેનને 85મી મિનિટે રેડ કાર્ડ મળતા ટીમે છેલ્લી મિનિટોમાં 10 ખેલાડીઓ સાથે રમવું પડ્યું હતું. ફ્લીટવૂડ તરફથી એરોન લુપિલો-બીએ 21મી મિનિટે ગોલ કરીને સરસાઈ મેળવી હતી, જ્યારે આર્સનલ માટે વિક્ટર ગ્યોકેરેસે 50મી મિનિટે બરાબરી કરી હતી.

ટોચના પેરા એથ્લીટ નીરજ યાદવે પ્રેમ પ્રકરણમાં તણાવથી આત્મહત્યા કરી

એશિયન પેરા ગેમ્સનો ગોલ્ડ મેડાલિસ્ટ નીરજ યાદવ બેભાન હાલતમાં મળ્યા પછી તબીબોએ તેને મૃત જાહેર કર્યો

ચાર વર્ષના ડોપિંગ પ્રતિબંધ અને તેનાથી લાખોનું ઇનામ ગુમાવ્યા બાદ પ્રેમિકા સાથે વિવાદ થતાં ઝેર પી જીવન ટૂંકાવ્યું

નવી દિલ્હી, તા. 28 (પીટીઆઇ) : એશિયન પેરા ગેમ્સમાં ત્રણ ગોલ્ડ મેડલ જીતનારા ભારતના અગ્રણી પેરા એથ્લીટ નીરજ યાદવે દિલ્હીમાં ઝેર પીને આત્મહત્યા કરી લીધી છે. દિલ્હી પોલીસના જણાવ્યા મુજબ, ડોપિંગ કેસમાં ચાર વર્ષના પ્રતિબંધ અને એક મહિલા મિત્ર સાથેના સંબંધોનો અંત આવતાં સર્જાયેલા માનસિક તણાવના કારણે તેમણે આ આત્યંતિક પગલું ભર્યું હોવાની શંકા છે.

જાફરાબાદ પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે મંગળવારે સોનીપત ખાતે નીરજ યાદવને મળવા આવેલી તેની મહિલા મિત્રે હવેથી સંપર્કમાં ન રહેવાની વાત કરી હતી. ત્યારબાદ નીરજ યાદવ તેને કારમાં મૌજપુર મેટ્રો સ્ટેશન પાસે છોડવા ગયા હતા, જ્યાં રાત્રે નવ વાગ્યાના સુમારે તે કારની બહાર રસ્તા પર બેભાન હાલતમાં મળી આવ્યો હતો. હોસ્પિટલ પહોંચાડાતાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

ભારતીય પેરા એથ્લેટિક્સ ટીમના મુખ્ય કોચ એસ સત્યનારાયણે ઘટના અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, હાઈન્ગઝોઉ એશિયન પેરા ગેમ્સ 2023 પછી ડોપિંગ ટેસ્ટ પોઝિટિવ આવતાં તેમના બે ગોલ્ડ મેડલ રદ થયા હતા. જેના કારણે ત્રણ કરોડ રૂપિયાથી વધુની રોકડ રકમ અને ઉત્તર પ્રદેશ સરકારમાં ક્લાસ વનની નોકરીનો અવસર પણ હાથમાંથી જતો રહ્યો હતો. આ આઘાત અને આર્થિક મુશ્કેલીઓને કારણે નીરજ ગંભીર ડિપ્રેશનમાં હતો. નીરજ યાદવ પરિણિત હતો અને પરિવારમાં પત્ની તથા 3 વર્ષની પુત્રી છે.

ઓસ્ટ્રેલિયન ટીમમાં બેટ્સમેનો અને બોલરો વચ્ચે મતભેદ સપાટી પર આવ્યા

દક્ષિણ આફ્રિકા સામેની નિર્ણાયક ટેસ્ટ મેચમાં સ્ટીવ સ્મિથ બહાર થવાને કારણે આંતરિક અસંતોષ જાહેર થયો

ગરદનની ઈજાનું કારણ આપીને સ્મિથે ત્રીજી ટેસ્ટમાંથી હટી જવાનો નિર્ણય લેતા ખેલાડીઓમાં ભારે રોષ

કેપ ટાઉન, તા. 28 ॠ ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમમાં બેટ્સમેનો અને બોલરો વચ્ચે ભારે મતભેદ અને વિખવાદની સ્થિતિ સર્જાઈ છે. દક્ષિણ આફ્રિકા સામેની ત્રીજી અને નિર્ણાયક ટેસ્ટ મેચમાંથી સ્ટાર બેટ્સમેન સ્ટીવ સ્મિથ બહાર થઈ જતાં ટીમનો આ આંતરિક અસંતોષ સપાટી પર આવ્યો છે. માહિતી અનુસાર, ઓસ્ટ્રેલિયાના બોલરો સતત શાનદાર પ્રદર્શન કરીને રેકોર્ડ બનાવી રહ્યા છે, જ્યારે બેટ્સમેનોનું સતત નબળું અને અસ્થિર પ્રદર્શન આ વિભાજનનું મુખ્ય કારણ બન્યું છે.

ગેબેરહા ખાતે રમાયેલી બીજી ટેસ્ટ દરમિયાન સ્મિથને કન્કશનની અસર થઈ હતી, જેના કારણે તેને ગરદનમાં દુખાવો ઉપડ્યો હતો. મેચના મહત્વને જોતાં સ્મિથ ઈજા છતાં રમશે તેવી ટીમને આશા હતી. જોકે, સ્મિથે પોતે જ મેચમાંથી હટી જવાનો નિર્ણય લીધો હતો, જેનાથી ટીમના કેટલાક સભ્યો અત્યંત નારાજ અને ગુસ્સે થયા છે. સ્મિથના ભૂતપૂર્વ સાથી ખેલાડીઓ પણ મીડિયામાં કહી રહ્યા છે કે સ્મિથ દ્વારા ભૂતકાળમાં પણ આવું વલણ અપનાવવામાં આવ્યું છે. ઓસ્ટ્રેલિયન મીડિયાના અહેવાલો મુજબ, કેપ ટાઉનમાં ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો કેપ્ટન પેટ કમિન્સનો વિવાદિત નિર્ણય પણ આ તણાવનું જ પરિણામ હતો. કેપ્ટનને બેટ્સમેનો કરતાં બોલરો પર વધુ વિશ્વાસ હતો. જોકે, બોલરોએ બાદમાં ટીમને ઉગારી લીધી હતી.

બપોરના ભોજન પછી ખેલ બદલાયો હતો. નાથન લાયને એકરમેનને 95 રને સ્ટમ્પ આઉટ કરાવીને ઓસ્ટ્રેલિયાને વાપસી કરાવી હતી. ત્યારબાદ મિચેલ સ્ટાર્કે 72 રનમાં 6 વિકેટ ઝડપીને દક્ષિણ આફ્રિકાની પ્રથમ ઈનિંગ્સને 329 રનમાં સિમિત કરી દીધી હતી. જોકે, બીજા દિવસની શરૂઆતમાં ઓસ્ટ્રેલિયાએ પણ 58 રનમાં 2 વિકેટ ગુમાવી દેતાં ફરી મુશ્કેલીમાં મુકાયું હતું.

ઇટાલીના માજી સરમુખત્યાર મુસોલિનીના વંશજે લાઝિયો માટે ગોલ કર્યો

સેરી એ લીગમાં સાસુઓલો સામે 6-2થી વિજયમાં રોમાનો મુસોલિનીએ પોતાની કારકિર્દીનો યાદગાર ગોલ કર્યો

સાસુઓલો, તા. 28 : ઈટાલીના માજી સરમુખત્યાર બેનિટો મુસોલિનીના પડપૌત્ર રોમાનો ફ્લોરિઆની મુસોલિનીએ મંગળવારે લાઝિયો ફૂટબોલ ક્લબ તરફથી રમતા પોતાનો પ્રથમ ગોલ નોંધાવ્યો છે. સેરી એ લીગમાં સાસુઓલો સામે લાઝિયોના 6-2થી થયેલા ભવ્ય વિજય દરમિયાન 23 વર્ષીય રોમાનોએ મેચની 16મી મિનિટે ટીમ માટે ત્રીજો ગોલ ફટકાર્યો હતો.

જર્સી પર રોમાનો નામ લખાવતા આ યુવા ડિફેન્ડરે ગોલ કર્યો ત્યારે શરૂઆતમાં ઓફસાઇડની ફ્લેગ શંકાના કારણે તેની ઉજવણી અટકી ગઈ હતી. જોકે, વિડિયો રિવ્યૂ બાદ ગોલ માન્ય રાખવામાં આવતા તેણે ટીમ સાથે વિજયની ઉજવણી કરી હતી. ઈટાલીની આ ટોચની ડિવાઈઝન લીગમાં મુસોલિનીનો આ પ્રથમ ગોલ છે, જ્યારે તેની સમગ્ર વ્યાવસાયિક કારકિર્દીનો આ બીજો ગોલ હતો. આ પહેલા બે વર્ષ પૂર્વે જુવે સ્ટેબિયા તરફથી લોન પર રમતી વખતે તેણે સેકન્ડ ડિવાઈઝનમાં કારકિર્દીનો પહેલો ગોલ નોંધાવ્યો હતો. માતા તરફથી બેનિટો મુસોલિની સાથે કૌટુમ્બિક સંબંધ ધરાવતા રોમાનો બેનિટો ફ્લોરિઆની મુસોલિનીએ જાહેર સભામાં અગાઉ સ્પષ્ટતા કરી છે કે તેને રાજકારણમાં કોઈ જ રસ નથી.

પ્રથમ ટેસ્ટમાં બાંગ્લાદેશની વેસ્ટ ઈન્ડિઝ સામે મજબૂત શરૂઆત

ઢાકા, તા. 28 (એપી) : આજે બુધવારથી અહીં શરૂ થયેલી પ્રથમ ટેસ્ટમાં પહેલા દિવસની રમત બેડ લાઇટને કારણે વહેલી બંધ થઇ ત્યારે બાંગ્લાદેશનો ઓપનર શાદમાન ઈસ્લામ સદીથી એક રન દૂર રહી ગયો હતો. બાંગ્લાદેશે પ્રથમ ઈનિંગમાં ત્રણ વિકેટે 213 રન બનાવ્યા. રમત બંધ થઇ ત્યારે શાદમન 99 રને અને ઈજામાંથી વાપસી કરનાર લિટન દાસ પણ 10 રને ક્રીઝ પર હતા.

ટાઈટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ

[illegible]

ઓફીસ : ૩૧૨, ત્રીજો માળ, રઘુવીર સીમ્ફોની સોપર્સ, અલથાણ-ભીમરાડ કેનાલ રોડ, અલથાણ, સુરત.
મો.નં. ૯૮૭૧૯ ૧૪૪૦૪, ૯૩૭૭૧ ૯૭૧૧૧

પ્રણવ એસ. પટેલ
(એડવોકેટ એન્ડ નોટરી)
મહેશભાઈ હાડોરભાઈ ના એડવોકેટ